# અત્યંત મહત્વપૂર્ણ નિયમો અને શરતો

SBI card

**અત્યંત મહત્વપૂર્ણ નિયમો અને શરતો - એસબીઆઈ કોર્પોરેટ કાર્ડ**
**(વ્યક્તિગત જવાબદારી ધરાવતા ગ્રાહકો માટે લાગુ થવાપાત્ર)**

**1. ફી અને ચાર્જીસ**

A. જોડાવાની ફી, વાર્ષિક ફી અને રિન્યુઅલ ફી (જો લાગુ હોય તો)

એસબીઆઇ કોર્પોરેટ કાર્ડ (એસબીઆઈ કાર્ડ) પર જોડાવાની ફી, વાર્ષિક ફી અને રિન્યુઅલ ફી લાગુ પડે છે. આ ફી કોર્પોરેટથી કોર્પોરેટ માટે અલગ હોઈ શકે છે અને કાર્ડહોલ્ડરથી કાર્ડહોલ્ડર માટે તેમજ ઓફરથી ઓફર માટે પણ બદલાઈ શકે છે. જે કોર્પોરેટ કાર્ડ માટે લાગુ કરતી વખતે કોર્પોરેટ અને કાર્ડહોલ્ડરને જણાવ્યા મુજબ રહેશે. લાગુ પડતી હોય તે મુજબની, જોડાવાની અને વાર્ષિક ફી, સીધા કાર્ડહોલ્ડરના અકાઉન્ટ માંથી વસૂલવામાં આવે છે અને જે મહિનામાં તે વસૂલવામાં આવે છે તે મહિનામાં કાર્ડ સ્ટેટમેન્ટમાં દેખાશે .

B. કેશ એડવાન્સ ફી (જો લાગુ પડતી હોય તો)

કાર્ડહોલ્ડર કાર્ડનો ઉપયોગ ભારતના એટીએમ / કેશપોઇન્ટ્સ અથવા વિદેશી એટીએમથી કટોકટીમાં રોકડ એક્સેસ કરવા માટે કરી શકે છે. આવા તમામ ચાર્જ પર ટ્રાન્ઝેક્શન ફી લેવામાં આવશે અને તેનું બિલ આગળના સ્ટેટમેંટમાં કાર્ડહોલ્ડરને મોકલવામાં આવશે. ડોમેસ્ટીક એસબીઆઈ એટીએમ /કેશપોઇન્ટ્સ પર 2.5.% અથવા રૂ. 450 સુધીની ટ્રાંઝેક્શન ફી, અને અન્ય ડોમેસ્ટીક એટીએમ પર રૂ. 450 સુધી અથવા 2.5% માંથી જે વધારે હોય તે અને આંતરરાષ્ટ્રીય એટીએમ પર 3% અથવા રૂ. 450 સુધી, માંથી જે વધારે હોય તે વસૂલવામાં આવશે. ટ્રાંઝેક્શન ફીમાં ફેરફાર એસબીઆઇ કાર્ડ્સ એન્ડ પેમેન્ટ સર્વિસિઝ લિમિટેડ (અગાઉ એસબીઆઇ કાર્ડ્સ એન્ડ પેમેન્ટ સર્વિસીઝ પ્રાઇવેટ લિમિટેડ તરીકે ઓળખાતી) ની મુનસફીને આધીન કરવામાં આવશે. તમામ રોકડ ઉપાડો પર પણ ઉપાડની તારીખથી સમાધાનની તારીખ સુધી સર્વિસ ચાર્જ લાગુ પડે છે. સર્વિસ ચાર્જ હાલમાં દર મહિને 3.35% છે [વાર્ષિક 40.2%] અને એસબીઆઇસીપીએસએલની વિવેકબુદ્ધિ મુજબ ફેરફારને આધિન છે.

C. રોકડ ચુકવણી ફી

કાર્ડહોલ્ડર કોઈપણ એસબીઆઇ શાખામાં જઈને પે-ઇન સ્લિપમાં કોર્પોરેટ કાર્ડ નંબર અને રકમનો ઉલ્લેખ કરીને અને તેને શાખાના કાઉન્ટર પર જમા કરાવીને એસબીઆઈ કાર્ડની બાકી રકમની ચૂકવણી કરી શકે છે. તમારું બિલ ભર્યા પછી ત્વરિત ચુકવણીની પાવતી આપવામાં આવશે. આ સેવા રૂ. 100 + લાગુ કર સાથે ઉપલબ્ધ છે.

D. ચાર્જીસ

i. કાર્ડહોલ્ડર્સ દ્વારા કાર્ડહોલ્ડરને એસબીઆઈસીપીએસએલ દ્વારા આપવામાં આવતી વિશિષ્ટ સેવાઓ માટે અથવા તેના કાર્ડ અકાઉન્ટના સંદર્ભમાં કાર્ડહોલ્ડર દ્વારા કરવામાં આવતા કસૂરો માટે વખતો વખત લાગુ પડતા હોય તેવા ચૂકવવાપાત્ર ચાર્જીસ અને ફી.

ii. એસબીઆઈસીપીએસએલ વખતો વખત કોઈપણ ચાર્જીસ અથવા ફીમાં ફેરફાર કરવા અથવા કાર્ડહોલ્ડરને યોગ્ય સૂચના સાથે, યોગ્ય હોય તેવા કોઈપણ નવા ચાર્જીસ અથવા ફી રજૂ કરવાનો અધિકાર જાળવી રાખે છે.

E. વ્યાજ મુક્ત છૂટનો ગાળો

વ્યાજ મુક્ત ક્રેડિટનો ગાળો મર્ચન્ટ દ્વારા દાવાની રજૂઆતને આધિન 20 થી 50 દિવસનો હોઈ શકે છે. જો કે, જો આ અગાઉના મહિનાનું બેલેન્સ સંપૂર્ણ રીતે ભરપાઈ ન થયું હોય અથવા જો કાર્ડહોલ્ડરે કોઈપણ એટીએમ/કેશ પોઇન્ટમાંથી રોકડનો લાભ લીધો હોય, તો આ લાગુ પડતી નથી.

F. ફાઇનાન્સ ચાર્જીસ (સર્વિસ ચાર્જીસ)

કાર્ડહોલ્ડર તેની બાકી રકમ સંપૂર્ણ ન ભરવાનું પસંદ કરે તેવા સંજોગોમાં, અને કાર્ડહોલ્ડર દ્વારા લીધેલા તમામ રોકડ ઉપાડો, જ્યાં સુધી તેઓને પાછા ન ચૂકવાય ત્યાં સુધી નાણાંકીય ચાર્જીસની માસિક ટકાવારીના દરે ચૂકવણી થાય છે.

જો કોર્પોરેટ અથવા કાર્ડહોલ્ડર ચુકવણીની તારીખ (પીડીડી) પહેલાં કુલ ચૂકવણીની બાકી રકમ (ટીએડી) ની આંશિક અથવા કોઈ ચુકવણી ન કરે; એટલે કે ગ્રાહક પાસે અગાઉના મહિનાઓની રકમ બાકી હોય અને વર્તમાન મહિનામાં, કુલ બાકી રકમની સંપૂર્ણ ચુકવણી, ચુકવણીની તારીખ પહેલાં કરવામાં આવે, તો ચુકવણીની તારીખ સુધી પુરાંત બાકી પર ફાઇનાન્સ ચાર્જીસ વસૂલવામાં આવશે.

કાર્ડ વ્યાજ દર ગતિશીલ છે અને કાર્ડહોલ્ડરના ઉપયોગ અને ચુકવણીની પદ્ધતિઓ પર આધારિત હશે અને સમયાંતરે સમીક્ષાને આધિન છે. ટ્રાન્ઝેક્શનની તારીખથી ફાઇનાન્સ ચાર્જનો દર મહત્તમ દર મહિને 3.35% [વાર્ષિક 40.2% ] સુધી વધી શકે છે અને એસબીઆઇસીપીએસએલની વિવિકબુદ્ધિ પ્રમાણે ફેરફારને આધિન છે. જો ચૂકવવાપાત્ર હોય તો ફાઇનાન્સ ચાર્જિસ, લાગુ કરની વસૂલાતને પાત્ર છે અને કાર્ડ પર બાકી રકમની સંપૂર્ણ ચૂકવણી ન થાય ત્યાં સુધી કાર્ડહોલ્ડરના અકાઉન્ટ માંથી ડેબિટ કરવામાં આવે છે. કાર્ડહોલ્ડર ચુકવણીની છેલ્લી તારીખની અંદર તેનું સંપૂર્ણ બાકી ચુકવવાની પસંદગી ન કરવાની ઘટનામાં બધા જ ટ્રાંઝેક્શન પર વસૂલ કરવામાં આવતાં અને કાર્ડહોલ્ડર દ્વારા લેવામાં આવેલ બધી જ રોકડ પેશગીઓ પરના ફાઇનાન્સ ચાર્જની ન્યૂનતમ રકમ, લાગુ પડતા કરવેરાઓ સિવાય, દરેકના રૂ. 25 હશે.

a) રોકડ ઉપાડો પરના ફાઇનાન્સ ચાર્જીસ (જો લાગુ હોય તો) ટ્રાન્ઝેક્શનની

તારીખથી ચુકવણી પૂર્ણ ન થાય ત્યાં સુધી લાગુ પડે છે

**ઉદાહરણ 1** કાર્ડ સ્ટેટમેન્ટની તારીખ દર મહિનાની 2 જી
3 જી માર્ચ 17 અને 2 જી એપ્રિલ 17 વચ્ચેના વ્યવહારો નીચે મુજબ છે:
1. આઇએનઆર ની છુટક ખરીદી. 5000 - 10 મી માર્ચ 17 ના રોજ
2. રૂ.7000 ની રોકડ ઉપાડ (જો લાગુ પડતી હોય તો) - 30 મી માર્ચ 17 ના રોજ
2 જી માર્ચ 17 ના સ્ટેટમેન્ટમાંથી અગાઉનું કોઈ બેલેન્સ આગળ ખેંચવામાં આવ્યું નથી તેમ માનીને, કાર્ડહોલ્ડરને રૂ. 7,000 ની રોકડ ઉપાડ પર લાગુ દરે 3 દિવસના ફાઇનાન્સ ચાર્જીસ સાથે રૂ. 12,000 નું ટ્રાન્ઝેક્શન દર્શાવતું તેનું 2 જી એપ્રિલ 17 ના રોજનું સ્ટેટમેન્ટ મળશે. કાર્ડહોલ્ડરે 22 મી એપ્રિલ 17 સુધીમાં બાકીની રકમની ચુકવણી કરવાની રહેશે, એટલે કે સ્ટેટમેન્ટની તારીખથી 20 દિવસમાં. કૃપા કરીને નોંધ લેશો કે કાર્ડહોલ્ડરના એસબીઆઇ કોર્પોરેટ કાર્ડ અકાઉન્ટ માટેની તમામ બાકી રકમ ચૂકવણીની તારીખ સુધી સંપૂર્ણ (કુલ બાકી રકમ) પતાવટ કરવાની રહેશે. સૌથી પહેલા કરની, ત્યારબાદ ફી અને અન્ય ચાર્જીસ, વ્યાજ ચાર્જ, છૂટક બાકી રકમો અને છેલ્લે રોકડ બેલેન્સ (જો કોઈ હોય તો) ચુકવણી કરવામાં આવશે.
a) અગાઉના સ્ટેટમેન્ટમાંથી અગાઉના કોઈપણ બેલેન્સને આગળ લઈ જવાના કિસ્સામાં, અગાઉના સ્ટેટમેન્ટની તારીખથી ફાઇનાન્સ ચાર્જ લેવામાં આવશે (ટ્રાંઝેક્શનની તારીખથી ફાઇનાન્સ ચાર્જ વસૂલવામાં આવતા હોય તેવા વસૂલવામાં આવેલા બિન-વ્યાજ બાકી રિટેલ બેલેન્સના કિસ્સા સિવાય).
b) જો બાકી સ્ટેટમેન્ટમાં કોઈ રોકડ બેલેન્સ ન હોય અને તે અગાઉના સ્ટેટમેન્ટમાં આગળ લઈ જવામાં આવ્યું ન હોય અને સ્ટેટમેન્ટની તારીખે બાકી રિટેલ બેલેન્સ ચુકવણીની તારીખ સુધી પૂર્ણપણે ચૂકવવામાં આવે, તો આવા બેલેન્સ પર કોઈ ફાઇનાન્સ ચાર્જ લેવામાં આવશે નહીં.
**ઉદાહરણ 2 -** કાર્ડ સ્ટેટમેન્ટની તારીખ - દર મહિનાની 2 જી.
નીચે મુજબ 3 જી જાન્યુઆરી'17 – 2 જી ફેબ્રુઆરી 17 વચ્ચેના વ્યવહારો:
1. આઇએનઆર ની છુટક ખરીદી. 10000 - 5 મી જાન્યુઆરી 17 ના રોજ
2. આઇએનઆરની ઑનલાઇન ખરીદી. 30000 - 15 મી જાન્યુઆરી 17 ના રોજ
2 જી જાન્યુઆરી 17 ના સ્ટેટમેન્ટમાંથી અગાઉનું કોઈ બેલેન્સ આગળ ખેંચવામાં આવ્યું નથી તેમ માનીને, કાર્ડહોલ્ડરને રૂ. 40,000 નું ટ્રાન્ઝેક્શન દર્શાવતું તેનું 2 જી ફેબ્રુઆરી 17 ના રોજનું સ્ટેટમેન્ટ મળશે. કાર્ડહોલ્ડરે બાકી ચૂકવણીની સામે 22 મી ફેબ્રુઆરી 17, એટલે કે સ્ટેટમેન્ટની તારીખથી 20 દિવસ સુધીમાં ચુકવણી કરવાની રહેશે. કૃપા કરીને નોંધ લેશો કે કાર્ડહોલ્ડરના એસબીઆઇ કોર્પોરેટ કાર્ડ અકાઉન્ટ માટેની તમામ બાકી રકમ ચૂકવણીની તારીખ સુધી સંપૂર્ણ (કુલ બાકી રકમ) પતાવટ

કરવાની રહેશે. સૌથી પહેલા કરની, ત્યારબાદ ફી અને અન્ય ચાર્જીસ, વ્યાજ ચાર્જ, છૂટક બાકી રકમો અને છેલ્લે રોકડ બેલેન્સ (જો કોઈ હોય તો)ચુકવણી કરવામાં આવશે.અગાઉના સ્ટેટમેન્ટમાંથી અગાઉના કોઈપણ બેલેન્સને આગળ લઈ જવાના કિસ્સામાં, અગાઉના સ્ટેટમેન્ટની તારીખથી ફાઇનાન્સ ચાર્જ લેવામાં આવશે (ટ્રાંઝેક્શનની તારીખથી ફાઇનાન્સ ચાર્જ વસૂલવામાં આવતા હોય તેવા વસૂલવામાં આવેલા બિન-વ્યાજ બાકી રિટેલ બેલેન્સના કિસ્સા સિવાય).

**દર મહિને માત્ર લઘુત્તમ ચુકવણી કરવાથી બાકીના બેલેન્સ ઉપર વ્યાજની ચુકવણી સાથે તે વર્ષો સુધી રિપેમેન્ટના લંબાતા જવામાં પરિણમશે.**

**ઉદાહરણ 3:** કાર્ડ સ્ટેટમેન્ટની તારીખ - દર મહિનાની 2 જી.

3 જી ડિસેમ્બર 16 - 2 જી જાન્યુઆરી 17 વચ્ચેના વ્યવહારો

1. રૂ.500 ની છૂટક ખરીદી - 15 મી ડિસેમ્બર 16 ના રોજ
2. રૂ. 600 ની ઓનલાઇન ખરીદી - 20 મી ડિસેમ્બર 16 ના રોજ

2 ડિસેમ્બર, 2016 ના સ્ટેટમેન્ટમાંથી અગાઉનું કોઈ બેલેન્સ આગળ ખેંચવામાં આવ્યું નથી તેમ માનીને, કાર્ડહોલ્ડરને રૂ. 1100 નું ટ્રાન્ઝેક્શન દર્શાવતું તેનું 2 જી જાન્યુઆરી 17 ના રોજનું સ્ટેટમેન્ટ મળશે, કુલ રકમ રૂ. 1100 બાકી કાર્ડહોલ્ડરે 22 મી જાન્યુઆરી 17 સુધીમાં, એટલે કે સ્ટેટમેન્ટની તારીખથી 20 દિવસ સુધીમાં બાકીની ચુકવણી કરવાની રહેશે.

ધારો કે કાર્ડહોલ્ડર રૂ. 500 ની આંશિક ચુકવણી કરે છે, 22 મી જાન્યુઆરી 17 ના રોજ, નાણાકીય શુલ્ક અસરકારક દરે વસૂલવામાં આવશે અને કુલ બાકી રકમમાં ઉમેરવામાં આવશે. વાર્ષિક 3.35% ના અસરકારક દરને ધ્યાનમાં લેતા,

ફાઇનાન્સ ચાર્જની ગણતરી નીચે મુજબ કરવામાં આવશે:

39 દિવસ માટે 500 રૂપિયા (15 મી ડિસેમ્બરથી 22 મી જાન્યુઆરી) ના બેલેન્સ પર:

(3.35 * 12) * (39/365) * 500/100 = રૂ. 21.48

34 દિવસ માટે 600 રૂપિયા (20 મી ડિસેમ્બરથી 22 મી જાન્યુઆરી) ના બેલેન્સ પર:

(3.35 * 12) * (34/365) * 600/100 = રૂ. 22.47

10 દિવસ માટે રૂ. 600 (22 મી જાન્યુથી 2 જી ફેબ્રુઆરી) ના બેલેન્સ પર:

(3.35 * 12) * (10/365) * 600/100 = રૂ. 6.61

કુલ વ્યાજ ચાર્જ = રૂ. 50.56

3 જી ફેબ્રુઆરી 17 - 2 જી માર્ચ 17 ની વચ્ચેના વ્યવહારો

1. શરૂઆતનું બેલેન્સ રૂ. 650.56 - 3 ફેબ્રુઆરી 17 ના રોજ
2. છૂટક ખરીદી રૂ. 1000 - 5 ફેબ્રુઆરી 17 ના રોજ
3. રૂ. 3000 ની ઓનલાઇન ખરીદી - 15 ફેબ્રુઆરી 17 ના રોજ

2 જી ફેબ્રુઆરી '17 નાં સ્ટેટમેંટમાં આગળના રૂ. 650.46 નું પાછલું બેલેંસ માનીને,

કાર્ડહોલ્ડરે બાકીની સામે 22મી ફેબ્રુઆરી '17 સુધીમાં એટલે કે સ્ટેટમેંટની તારીખથી 20 દિવસ માટે ચુકવણી કરવી પડશે.

ધારો કે કાર્ડહોલ્ડર 15 મી ફેબ્રુઆરી સુધીમાં એટલે કે બાકી ચુકવણીની તારીખ સુધીમાં સંપૂર્ણ ચુકવણી કરે છે. વાર્ષિક 3.35% ના અસરકારક દરને ધ્યાનમાં લેતા, ફાઇનાન્સ ચાર્જની ગણતરી નીચે મુજબ કરવામાં આવશે:

12 દિવસ માટે રૂ,.650.56 (3 જી ફેબ્રુઆરી - 15 ફેબ્રુઆરી) ના બેલેન્સ પર:

(3.35 * 12) * (12/365) * 650.56 /100 = રૂ. 8.60

કુલ વ્યાજ ચાર્જ = રૂ. 8.60

ખરીદીની બાકી રકમનો કુલ સરવાળો, વ્યાજ ચાર્જ, ફી અને ચાર્જિસ જો કોઈ હોય તો, અને તમામ લાગુ કરનો તારીખ 2 જી માર્ચના સ્ટેટમેન્ટમાં કુલ બાકી રકમ તરીકે પ્રતિબિંબિત થશે.

**G. વિલંબિત ચુકવણી ચાર્જિસ**

**જો બાકી રકમની ચૂકવણીની તારીખ સુધી કુલ બાકી રકમની ચૂકવણી કરવામાં ન આવે તો વિલંબિત ચુકવણી ચાર્જ લાગુ થશે.**

**શૂન્ય રૂ. 0-રૂ .200 સુધી કુલ બાકી રકમ માટે;**

**રૂ. 200થી વધુ અને રૂ. 500 રૂપિયા સુધી રકમની કુલ બાકી માટે રૂ. 100;**

**રૂ. 500થી વધુ અને રૂ.1000 રૂપિયા સુધી રકમની કુલ બાકી માટે રૂ. 400;**

**રૂ. 10000થી વધુ અને રૂ.1000 રૂપિયા સુધી રકમની કુલ બાકી માટે રૂ. 500;**

**રૂ. 10,000થી વધુ કુલ રકમની બાકી માટે રૂ. 750**

**ઉદાહરણ 1 -** કાર્ડ સ્ટેટમેન્ટની તારીખ - દર મહિનાની 2 જી.

3 જી ફેબ્રુઆરી 17 - 2 જી માર્ચ 17 ની વચ્ચેના વ્યવહારો નીચે મુજબ છે:

1. આઇએનઆર ની છુટક ખરીદી. 2000 - 8મી ફેબ્રુઆરી '17ના રોજ
2. આઇએનઆરની ઑનલાઇન ખરીદી. 2500 - 19મી ફેબ્રુઆરી '17ના રોજ

2 જી ફેબ્રુઆરી 17 ના સ્ટેટમેન્ટમાંથી અગાઉનું કોઈ બેલેન્સ આગળ ખેંચવામાં આવ્યું નથી તેમ માનીને, કાર્ડહોલ્ડરને રૂ. 4500 ના ટ્રાન્ઝેક્શન્સ દર્શાવતું તેનું 2 જી માર્ચ 17 ના રોજનું સ્ટેટમેન્ટ મળશે કાર્ડહોલ્ડરે 22 મી માર્ચ 17 સુધીમાં બાકીની સામે ચુકવણી કરવાની રહેશે, એટલે કે સ્ટેટમેન્ટની તારીખથી 20 દિવસમાં. જો કાર્ડહોલ્ડર બાકી રકમની ચુકવણીની તારીખ સુધીમાં સંપૂર્ણ ચુકવણી (એટલે કે કુલ બાકી રકમ) ચૂકવશે નહીં, તો તેની પાસેથી રૂ.500 નો વિલંબિત ચૂકવણી ચાર્જ લેવામાં આવશે. (રૂ. 1,001 થી રૂ .10,000 સુધીની કુલ રકમ માટે રૂ. 500 ).

H. ઓવર લિમિટ ચાર્જ - કોર્પોરેટ કાર્ડ્સ માટે લાગુ નથી

I. ચુકવણી અસ્વીકાર ફી

ચુકવણી અસ્વીકારના સંજોગોમાં, ન્યૂનતમ 350 રૂપિયાને આધિન કોર્પોરેટ

કાર્ડહોલ્ડરને ચુકવણીની રકમના 2% ચુકવણી અસ્વીકાર ની ફી ચાર્જ કરવામાં આવશે.

J. અન્ય ચાર્જ (જો લાગુ પડતા હોય તો):

· કાર્ડ રિપ્લેસમેન્ટ ફી: રૂ. 100/- - રૂ. 250/-

· ચેક ફી: રૂ. 100 (ચેકથી રૂ. 2000 સુધીની ચુકવણીઓ)

· ચેક પીક અપ ફી: રૂ .90/-

· સ્ટેટમેન્ટ રીટ્રાઈવલ ફી: શૂન્ય

· વિદેશી ચલણના નાણાંકીય વ્યવહારની ફી: 3.5.% સુધી વિદેશી ચલણના નાણાંકીય વ્યવહારને સંજોગો મુજબ, ભારતીય ચલણમાં રૂપાંતરિત કરવા માટે ઉપયોગમાં લેવાતા વિનિમય દરને, એસબીઆઈ કાર્ડ સાથે વ્યવહારની સરભર થાય તે તારીખ સુધી તેમના દ્વારા સંચાલિત વિનિમય દરને આધારે, વિઝા/માસ્ટરકાર્ડ દ્વારા નક્કી કરવામાં આવશે, જે વ્યવહાર કરવામાં આવ્યો હતો તે દિવસની તારીખ ન પણ હોઈ શકે. વિઝા/માસ્ટરકાર્ડ દ્વારા શેર કરેલી ભારતીય ચલણમાં રૂપાંતરિત રકમ પર વિદેશી ચલણના નાણાંકીય વ્યવહારની ફી લાગુ કરવામાં આવશે.

**2. મર્યાદાઓ**

ક્રેડિટ લિમિટ અને કેશ લિમિટ (જો લાગુ હોય તો) કોર્પોરેટ કાર્ડ પ્રોગ્રામ મેનેજર તરફથી પ્રાપ્ત સૂચનાઓને આધારે કાર્ડહોલ્ડર્સને સોંપવામાં આવે છે. કાર્ડ વિતરણ સમયે આ મર્યાદાઓ કાર્ડહોલ્ડરને જણાવવામાં આવે છે. ક્રેડિટ મર્યાદા અને રોકડ મર્યાદા (જો લાગુ હોય તો) દરેક સ્ટેટમેંટમાં કાર્ડહોલ્ડરને જણાવવામાં આવે છે. સ્ટેટમેન્ટ બનાવતી વખતે ઉપલબ્ધ ક્રેડિટ મર્યાદા (એટલે કે ઉપયોગ માટે ઉપલબ્ધ ક્રેડિટ મર્યાદા ) સ્ટેટમેન્ટના ભાગ રૂપે પ્રદાન કરવામાં આવે છે.

એસબીઆઇસીપીએસએલ સમયાંતરે કોર્પોરેટ લેવલ લિમિટની સમીક્ષા કરે તેમ બની શકે છે, અને આંતરિક માપદંડો પર આધારિત અથવા કોર્પોરેટ કાર્ડ પ્રોગ્રામ મેનેજર પાસેથી પ્રાપ્ત કરવામાં આવેલ વિનંતીને આધારે તેને ઘટાડી અથવા વધારી શકે છે. આવા કોઈપણ ફેરફારો કાર્ડહોલ્ડર્સની મર્યાદાને પણ અસર કરી શકે છે અને તેની કોર્પોરેટ કાર્ડ પ્રોગ્રામ મેનેજરને જાણ કરવામાં આવશે, જે સંબંધિત કાર્ડહોલ્ડર્સમાં આ માહિતીનો વધુ પ્રસાર કરી શકે છે. કાર્ડહોલ્ડર્સ જેઓ તેમની ક્રેડિટ લિમિટને વધારવા માંગે છે તેઓ એસબીઆઇસીપીએસએલને લેખિતમાં જાણ કરીને અને તેમની આવકની જાહેરાત કરતાં નાણાકીય દસ્તાવેજોને પૂરાં પાડીને તેમ કરી શકે છે. જો કે, એસબીઆઈસીપીએસએલ તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી અને કોર્પોરેટ કાર્ડ પ્રોગ્રામ મેનેજરની મંજૂરી અને વિનંતીના આધારે, કાર્ડહોલ્ડરની ક્રેડિટ મર્યાદામાં વધારો કરી શકે છે.

## 3. બિલિંગ અને સ્ટેટમેન્ટ

a) એસબીઆઈસીપીએસએલ કાર્ડહોલ્ડરને છેલ્લા સ્ટેટમેન્ટ સુધીના કાર્ડહોલ્ડરના અકાઉન્ટમાં ક્રેડિટ થયેલી ચુકવણીઓ અને ડેબિટ થયેલા ટ્રાન્ઝેક્શન દર્શાવતું માસિક સ્ટેટમેન્ટ મોકલશે, જો કથિત સમયગાળા દરમિયાન કાર્ડ સક્રિય હોય. એસબીઆઇપીપીએસએલ રેકોર્ડ પરના ઈમેઇલ આઇડી પર, પૂર્વ- નિર્ધારિત તારીખના રોજ ઈમેઇલ દ્વારા સ્ટેટમેન્ટ મોકલશે.

b) એસબીઆઇ કોર્પોરેટ કાર્ડ કાર્ડહોલ્ડરને ફરતી ક્રેડિટ સુવિધા પ્રદાન કરતું નથી. કોઈપણ ચોક્કસ સ્ટેટમેન્ટમાં કુલ બાકીની ચૂકવણી કોઈપણ દંડ ચાર્જીસ ટાળવા માટે સંપૂર્ણ ચૂકવણી કરવી પડશે.

c) કાર્ડની બાકી ચુકવણીની તરફે કરવામાં આવતી ચુકવણીઓ પછીના સ્ટેટમેન્ટ્સમાં સ્વીકારવામાં આવે છે. ઇનપુટ ટેક્સ ક્રેડિટ અથવા કર સંબંધિત કોઈપણ અન્ય બાબતે કોઈપણ વિવાદ સ્ટેટમેન્ટ જારી કર્યાની તારીખથી 30 દિવસની અંદર કોર્પોરેટ કાર્ડ ઇશ્યુઅરને પહોંચાડવામાં આવશે.

d) કાર્ડહોલ્ડરના કાર્ડની બાકી સામે પ્રાપ્ત ચુકવણીઓ, તે ક્રમમાં કર, ફી અને અન્ય ચાર્જ, વ્યાજ ચાર્જ, ખરીદીઓ અને રોકડ ઉપાડો સામે સુમેળ કરવામાં આવશે. કાર્ડ હોલ્ડર કાર્ડ ઇશ્યુઅરને યોગ્ય જીએસટી પાલન કરવા માટે બાંહેધરી આપવા માટે યોગ્ય અને સમયસર માહિતી પ્રદાન કરવા માટે જવાબદાર રહેશે જે બદલામાં કાર્ડ હોલ્ડર કાર્ડ ઇશ્યુઅર દ્વારા કરવામાં આવતા પુરવઠાના ઇનપુટ ટેક્સ ક્રેડિટ લેવા કોર્પોરેટને સક્ષમ કરશે. કાર્ડ હોલ્ડર દ્વારા આપેલી ખોટી માહિતીને કારણે અથવા કાર્ડ હોલ્ડર દ્વારા કોઈ કૃત્ય અથવા ચૂકને લીધે કાર્ડ ઈશ્યુ કરનારને ઇનપુટ ટેક્સ ક્રેડિટના કોઈપણ નુકસાન અથવા કાર્ડ હોલ્ડરને ઇનપુટ ટેક્સ ક્રેડિટ પ્રાપ્ત કરવામાં વિલંબ થવા માટે જવાબદાર રહેશે નહીં.

e) કાર્ડના અકાઉન્ટ તરફની ચુકવણી નીચેની કોઈપણ રીતે કરી શકાય છે:

- www.sbicard.com પર લોગ ઇન કરીને અને નેટબેંકિંગ દ્વારા અથવા તમારા એસબીઆઇ એટીએમ કમ ડેબિટ કાર્ડ દ્વારા ચુકવણી કરવા માટે પેનેટ વિકલ્પનો ઉપયોગ કરીને.
- સ્ટેટમેન્ટના પાછળના પાને પ્રદાન કરેલા મેઇલિંગ સરનામાં પર ચેક અથવા ડ્રાફ્ટ મેઇલ કરીને.
- તમારા શહેરમાં અથવા નિયુક્ત સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની શાખાઓમાં મૂકાયેલા કોઈપણ એસબીઆઇ કાર્ડ ડ્રોપ બોક્સમાં ચેક અથવા ડ્રાફ્ટ ડ્રોપ કરીને. ચેક / ડ્રાફ્ટ "એસબીઆઇ કાર્ડ નંબર xxxxxxxxxxxxxxxx" ને ચૂકવવાપાત્ર હોવા જોઈએ.
- એનએસીએચ: પસંદગીના શહેરોમાં ચુકવણીઓ નેશનલ ઑટોમેટેડ ક્લીઅરિંગ (એનએસીએચ) મારફત કરી શકાશે.

- એનઈએફટી:

  લાભકર્તાનું નામ: સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, વાણિજ્યિક શાખા (04079), 6ઠ્ઠો માળ, પાલમ કોર્ટ, મહારાણા પ્રતાપ ચોક, એમ.ડી.આઇ. પાસે, ગુરૂગ્રામ -122001

  બેંક ખાતા નંબર- 39735563903

  આઈએફએસસી કોડ: SBIN0004079

f) એસબીઆઈ કાર્ડ, બિલની બાકી ચુકવણી કરવાની વિવિધ રીતો પ્રદાન કરે છે, તે જ માસિક સ્ટેટમેન્ટ અને એસબીઆઇ કાર્ડ વેબસાઇટના પાછળના ભાગમાં સચિત્ર છે. કાર્ડ હોલ્ડર પાસેથી પ્રાપ્ત કરવામાં આવેલ કોઇપણ પેશગીને ભાવિ ખર્ચ તરફની પેશગી તરીકે ગણવામાં આવશે અને કોઇપણ ચાર્જીસ/ ફીસની સામે નહિં.

g) બિલિંગ વિવાદો: કાર્ડહોલ્ડર એસબીઆઈસીપીએસએલને કોઈ વિસંગતતા વિશે સ્ટેટમેન્ટની તારીખના 30 દિવસની અંદર જાણ કરે, અને એસબીઆઈસીપીએસએલ દ્વારા આ વિસંગતતાઓ સાચી હોવાનું જાણવા મળે તે સિવાય સ્ટેટમેન્ટ્સની બધી વિગતો કાર્ડહોલ્ડર દ્વારા સાચી હોવા અને સ્વીકારેલ હોવાનું માનવામાં આવશે. આવી માહિતી પ્રાપ્ત થતાં, એસબીઆઈસીપીએસએલ અસ્થાયી ધોરણે ચાર્જને ઉલટાવી શકે છે. જો અનુગામી તપાસોની પૂર્ણતા પર, આવા ચાર્જની જવાબદારી કાર્ડહોલ્ડરના અકાઉન્ટમાં હોય, તો પછીના સ્ટેટમેન્ટમાં ચાર્જ લાગુ કરવામાં આવશે.

h) ગ્રાહક ફરિયાદ નિવારણ: તમામ ફરિયાદો હેડ કોર્પોરેટ કસ્ટમર મેનેજમેન્ટ, ડીએલએફ ઈન્ફીનીટી ટાવર્સ, ટાવર સી, 12 મો માળ, બ્લોક 2, બિલ્ડિંગ 3, ડીએલએફ સાયબર સિટી, ગુરુગ્રામ -122002 (હરિયાણા) ભારતને લખીને મોકલવાની રહેશે. કોર્પોરેટ કાર્ડ પ્રોગ્રામ મેનેજર અથવા કાર્ડહોલ્ડર, એસબીઆઇસીપીએસએલને sbicorporate.services@sbicard.com ને અથવા ઇમેઇલ દ્વારા કોઈપણ તપાસો અથવા કોઈ ફરિયાદ નિવારણ કરવા માટે એસબીઆઇસીપીએસએલનો સંપર્ક કરી શકે છે, 24 કલાકની એસબીઆઈ કાર્ડ હેલ્પલાઈન દ્વારા: 1860 180 1290, 39 02 02 02 (ઉપસર્ગ સ્થાનિક એસટીડી કોડ)

  - કાર્ડ અકાઉન્ટ પર કોઈપણ બાકીની પતાવટ માટે સમયાંતરે, પોસ્ટ, ફેક્સ, ટેલિફોન, ઈ-મેઇલ, એસએમએસ મેસેજિંગ અને / અથવા યાદ કરવવા, અનુસરવા અને બાકી લેણાં વસૂલ કરવા માટે ત્રાહિત પક્ષોને રોકવા. આ રીતે નિમાયેલ કોઈપણ ત્રાહિતા પક્ષ, દેવાની વસુલાત અંગેની આચારસંહિતાનું સંપૂર્ણ પાલન કરશે. કાર્ડ અકાઉન્ટ પર અસર પામેલા કોઇપણ ચાર્જીસ, પરંતુ હજુ સુધી કાર્ડ અકાઉન્ટમાં ચાર્જ કરવામાં ન આવી હોય તેવી રકમ સાથે, કુલ બાકી, નાદારી અથવા કાર્ડહોલ્ડરના મૃત્યુ પર તાત્કાલિકપણે એસબીઆઇસીપીએસએલમાં બાકી અને ચુકવવાપાત્ર બનશે અને કાર્ડ અકાઉન્ટ તાત્કાલિકપણે રદ કરવાનું રહેશે. કાર્ડહોલ્ડરની એસ્ટેટ કાર્ડ અકાઉન્ટ પરની કોઈપણ બાકીની પતાવટ માટે જવાબદાર રહેશે અને

એસબીઆઈસીપીએસએલને કાનૂની ફીઝ અને આવી બાકી રકમ વસૂલવા માટે કરવામાં આવતા ખર્ચ સહિતના તમામ ખર્ચની સામે જવાબદારી મુક્ત ઠરાવવાનું રહેશે. આવી પડતર ચુકવણીઓ માટે, એસબીઆઇસીપીએસએલ તેના પ્રવર્તમાન દરો પર ફાઇનાન્સ ચાર્જ વસૂલવાનું ચાલુ રાખશે.

## 4. કસૂર

કસૂરની ઘટનામાં, કાર્ડહોલ્ડરને કાર્ડ અકાઉન્ટ પર કોઇપણ બાકી રહેતી રકમના સમાધાન માટે સમય-સમય પર પોસ્ટ, ફેક્સ, ટેલીફોન, ઈ-મેઇલ, એસએમએસ સંદેશા દ્વારા સ્મૃતિપત્રો મોકલવામાં આવશે અને/ અથવા યાદ કરાવવા, અનુવર્તન, અને બાકી રકમને એકત્રિત કરવા માટે ત્રાહિત પક્ષકારોને સામેલ કરવામાં આવશે. આ રીતે નિમાયેલ કોઈપણ ત્રાહિતા પક્ષ, દેવાની વસુલાત અંગેની આચારસંહિતાનું સંપૂર્ણ પાલન કરશે. કાર્ડ અકાઉન્ટ પર અસર પામેલા કોઇપણ ચાર્જીસ, પરંતુ હજુ સુધી કાર્ડ અકાઉન્ટમાં ચાર્જ કરવામાં ન આવી હોય તેવી રકમ સાથે, કુલ બાકી, નાદારી અથવા કાર્ડહોલ્ડરના મૃત્યુ પર તાત્કાલિકપણે એસબીઆઇસીપીએસએલમાં બાકી અને ચુકવવાપાત્ર બનશે અને કાર્ડ અકાઉન્ટ તાત્કાલિકપણે રદ કરવાનું રહેશે. કાર્ડહોલ્ડરની એસ્ટેટ કાર્ડ અકાઉન્ટ પરની કોઈપણ બાકીની પતાવટ માટે જવાબદાર રહેશે અને એસબીઆઈસીપીએસએલને કાનૂની ફીઝ અને આવી બાકી રકમ વસૂલવા માટે કરવામાં આવતા ખર્ચ સહિતના તમામ ખર્ચની સામે જવાબદારી મુક્ત ઠરાવવાનું રહેશે. આવી પડતર ચુકવણીઓ માટે, એસબીઆઇસીપીએસએલ તેના પ્રવર્તમાન દરો પર ફાઇનાન્સ ચાર્જ વસૂલવાનું ચાલુ રાખશે.

ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીને કે જેણે આરબીઆઈ પાસેથી નોંધણીનું પ્રમાણપત્ર મેળવ્યું છે અને જેની એસબીઆઇસીપીએસએલ સભ્ય છે, તેને કાર્ડહોલ્ડરના કસૂરની સ્થિતિની જાણ કરતા પહેલા, અમે કાર્ડહોલ્ડરને મહિનાની નોટિસ આપીશું.

આગળ એ પણ નોંધવામાં આવે કે, જો કોઇ કાર્ડહોલ્ડર, જેમને પૂર્વે કસૂરવાર તરીકે અહેવાલિત કરવામાં આવ્યાં હશે, તેઓ તેમના/ તેણીના બાકીની ચુકવણી કરે છે, તો પછી એસબીઆઇસીપીએસએલ ક્રેડિટ માહિતી કંપનીમાંથી કસૂરવાર સ્થિતિને પાછી ખેંચી લેશે. કાર્ડહોલ્ડરના ક્રેડિટ રિપોર્ટમાં પ્રતિબિંબિત કરવા માટે આવા પ્રકારના પરિવર્તનને 45-60 દિવસનો સમય લાગી શકે છે. એસબીઆઈસીપીએસએલ દર મહિને ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીને કાર્ડહોલ્ડરનો ડેટા નિયત ફોર્મેટમાં રજૂ કરે છે. ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપની 30 દિવસના સમયની અંદર રજૂ કરેલા ડેટાને તેમના સર્વર પર અપલોડ કરે છે.

એસબીઆઇસીપીએસએલ તેના વિવેકબુદ્ધિથી કોર્પોરેટ કાર્ડ સાથે કેટલાક વીમા કવર પ્રદાન કરી શકે છે અને કોર્પોરેટ/કાર્ડહોલ્ડરને કોઈ પૂર્વ સૂચના આપ્યા લીધા વિના તે

પાછું ખેંચવાનો સંપૂર્ણ અધિકાર ધરાવે છે. એસબીઆઇસીપીએસએલ આ પ્રકારના પ્રસ્તાવોની વિગતો વેબસાઇટ પર તમામ સમયે અપડેટ કરશે. અપડેટ કરેલી વિગતો માટે, કોર્પોરેટ/કાર્ડહોલ્ડર્સ www.sbicard.com નો સંદર્ભ લેશે. સંબંધિત વીમા કવર કોર્પોરેટ કાર્ડ હોલ્ડરને કોર્પોરેટ કાર્ડ આપવાની તારીખથી લાગુ અને/અથવા સક્રિય કરવામાં આવશે.

**5. કાર્ડહોલ્ડરપદની સમાપ્તિ/ રદ્દીકરણ**

a) કોર્પોરેટ કાર્ડ પ્રોગ્રામ મેનેજર અથવા કોર્પોરેટ કાર્ડ પ્રોગ્રામ મેનેજર પાસેથી મંજૂરી ધરાવતા કાર્ડહોલ્ડર કોઇપણ સમય પર એસબીઆઇસીપીએસએલને લેખિતમાં જાણ કરીને અથવા એસબીઆઇકાર્ડ હેલ્પલાઇનમાં કૉલિંગ દ્વારા, અને કાર્ડ(સ)ને ત્રાંસમાં કાપીને કરારને ખતમ કરે તેમ બની શકે છે. કાર્ડહોલ્ડર દ્વારા કાર્ડ એકાઉન્ટ પર બાકી રહેતી તમામ રકમોની ચુકવણી પછી સમાપ્તિ અસરકર્તા બનશે. ભાગે પડતાં ધોરણ (પ્રો-રેટાબેસિસ) પર કોઇપણ જોઇનિંગ અથવા રિન્યુઅલ/ વાર્ષિક ફીને પરત કરવામાં આવશે નહીં.

b) વ્યવસાયિક અથવા સલામતીનાં કારણોસર અને/અથવા કોઈ કાયદા અમલીકરણ એજન્સીની વિનંતી પર, અને/અથવા કોઈપણ સરકારી અધિકારી અને / અથવા એસબીઆઇસીપીએસએલ અને તેના ગ્રાહકને લાગુ પડતા કાયદા અને નિયમો હેઠળ જો એસબીઆઇસીપીએસએલ તે વ્યાજબીપણે જરૂરી હોવાનું માને તો, એસબીઆઇસીપીએસએલ, કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના વિના કાર્ડહોલ્ડર અકાઉન્ટના ઉપયોગને કોઈપણ સમયે પ્રતિબંધિત, સમાપ્ત અથવા સ્થગિત કરી શકે છે.

c) જો કાર્ડહોલ્ડર ચુકવણી પર કસૂર કરે અથવા ક્રેડિટ મર્યાદા વધારવામાં આવે તો એસબીઆઇસીપીએસએલ, કોર્પોરેટ કાર્ડ પરની સુવિધાને સ્થગિત કરી શકે છે. કરાર સમાપ્ત થયા પછી અથવા કાર્ડ એકાઉન્ટનો ઉપયોગ સ્થગિત કરવામાં આવે ત્યારે કાર્ડનો ઉપયોગ થવો જોઈએ નહીં. આવી પરિસ્થિતિમાં, કાર્ડહોલ્ડરે (કોઇપણ કસૂર અથવા કાયદા દ્વારા જરૂરી અન્ય નોટિસને આધીન) તાત્કાલિકપણે અકાઉન્ટ પરના કુલ બાકી શેષને એસબીઆઇસીપીએસએલને ચુકવણી કરવી જરૂરી છે. આમાં કરાર હેઠળ એસબીઆઈસીપીએસએલને ચૂકવવાપાત્ર થતી બધી રકમ શામેલ છે, જેમાં તમામ વ્યવહારો અને એકાઉન્ટમાં હજી સુધી ચાર્જ થયેલ નથી તે અન્ય રકમો શામેલ છે. જ્યાં સુધી કાર્ડહોલ્ડર દ્વારા આવી તમામ બાકી રકમોની ચૂકવણી કરવામાં નહીં આવે ત્યાં સુધી કાર્ડહોલ્ડરનું અકાઉન્ટ બંધ માનવામાં આવશે નહીં.

**6. કાર્ડ ખોવાઈ જવું/ ચોરાઈ જવું/ દુરૂપયોગ થવો**

a) કોર્પોરેટ કાર્ડ ખોવાઈ જાય, ગુમ થઈ જાય, ચોરાઈ ગયું હોય, તૂટી જાય, જો ચૂકવવાપાત્ર હોય ત્યારે પ્રાપ્ત થયેલ ન હોય અથવા જો તે/તેણીને શંકા હોય કે કાર્ડહોલ્ડરની પરવાનગી વિના કોર્પોરેટ કાર્ડનો ઉપયોગ થઈ રહ્યો છે, તો કાર્ડહોલ્ડરે એસબીઆઇસીપીએસએલને જલદીથી એસબીઆઇ કાર્ડ હેલ્પલાઇન પર સંપર્ક કરવો જોઈએ. એકવાર કાર્ડ ખોવાઈ ગયાની જાણ થઈ જાય પછી, કાર્ડહોલ્ડર જો પછીથી મળી જાય તો તે કોઈ પણ સંજોગોમાં ઉપયોગમાં લેવો જોઈએ નહીં, અને કાર્ડહોલ્ડરે કાર્ડને અડધા ભાગમાં કાપી નાખવું જોઈએ.

- કાર્ડહોલ્ડર આઈવીઆર અથવા અમારી વેબસાઇટ www.sbicard.com પર અથવા પુલ એસએમએસ દ્વારા તાત્કાલિક કાર્ડને બ્લોક કરી શકે છે.
- તમારું ખોવાયેલ / ચોરાયેલ કાર્ડ પુલ એસએમએસ દ્વારા બ્લોક કરવા માટે, તમારા નોંધાયેલા મોબાઈલ નંબરથી 5676791 પર ફક્ત બ્લોક XXXXX એસએમએસ કરો. (XXXX = તમારા કાર્ડ નંબરના છેલ્લા 4 અંકો). જો તમને તમારી વિનંતીની 5 મિનિટની અંદર પુષ્ટિ એસએમએસ પ્રાપ્ત ન થાય, તો કૃપા કરીને કાર્ડ બ્લોક કરવામાં આવ્યું છે તેમ માનશો નહીં. કૃપા કરીને તમારા કાર્ડને તાત્કાલિક બ્લોક કરવા અને કોઈપણ દુરૂપયોગથી બચવા માટે હેલ્પ લાઇન પર કોલ કરો.

b) કાર્ડહોલ્ડરે કોઈ અનધિકૃત નાણાંકીય વ્યવહાર થવા અંગે અને / અથવા કાર્ડ ખોવાઈ ગયું છે અથવા ચોરી થઈ છે તે અંગેની જાણ કરવા માટે બહુવિધ ચેનલો દ્વારા એસબીઆઈસીપીએસએલને જાણ કરવી આવશ્યક છે. એસબીઆઈસીપીએસએલ, કોઈપણ ગ્રાહકની અનધિકૃત ઇલેક્ટ્રોનિક બેંકિંગ ટ્રાન્ઝેક્શન માટે માત્ર "ગ્રાહક સુરક્ષા - અનધિકૃત ઇલેક્ટ્રોનિક બેંકિંગ વ્યવહારોમાં ગ્રાહકોની જવાબદારી મર્યાદિત કરવા" પરના નિર્દેશોનાં સંબંધમાં અને તે અનુસાર જવાબદાર રહેશે.

એસબીઆઈસીપીએસએલને કાર્ડના ખોવાયાના અહેવાલના સમય અગાઉ કાર્ડના અકાઉન્ટમાં થયેલા કોઈપણ વ્યવહાર માટે એસબીઆઈસીપીએસએલ જવાબદાર અથવા ઉત્તરદાયી નથી અને કોર્પોરેટ તેના માટે સંપૂર્ણ જવાબદાર રહેશે સિવાય કે ગ્રાહકને થયેલ નુકસાન એસબીઆઈસીપીએસએલ તરફેની ખામીને કારણે હોય. એસબીઆઇસીપીએસએલ દ્વારા ખોવાઇ જવાની યોગ્ય સૂચના પ્રાપ્ત થયા પછી (વેબસાઇટ, ફોન બેન્કિંગ, એસએમએસ, ઈમેઇલ, આઇવીઆર અથવા સમર્પિત હેલ્પલાઇન મારફત), કાર્ડહોલ્ડરની અનુવર્તી જવાબદારીને મહત્તમ રૂ. 1000 સુધી પ્રતિબંધિત કરવામાં આવશે. કાર્ડના ખોવાઈ જવા અથવા ચોરી વિશે એસબીઆઇસીપીએસએલને સૂચિત કરવાની સાથે, કાર્ડહોલ્ડરે કોર્પોરેટ કાર્ડ(સ)ના કોઇપણ હાનિ વિશે પોલિસને અહેવાલ આપવો અને એફઆઇઆર દાખલ કરવી જરૂરી છે. જો કે, જ્યારે કાર્ડહોલ્ડરની સંમતિથી કોઈ કાર્ડ અથવા પિન મેળવે છે અને તેનો દુરૂપયોગ કરે છે ત્યારે કાર્ડહોલ્ડર, તમામ નુકસાન માટે જવાબદાર રહેશે.

c) જો કાર્ડહોલ્ડરે કપટપૂર્વક વર્તે છે તો કાર્ડહોલ્ડર તમામ નુકસાન માટે જવાબદાર રહેશે. જો કાર્ડહોલ્ડર વાજબી કાળજી લીધા વિના કાર્ય કરે છે, તો કાર્ડહોલ્ડર થયેલા તમામ નુકસાન માટે જવાબદાર બની શકે છે. જો કાર્ડહોલ્ડર એસબીઆઇસીપીએસએલ દ્વારા નિર્દિષ્ટ સલામતીઓનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો આ લાગુ થઈ શકે છે.

d) ગ્રાહક સુરક્ષા અંગે 06 જુલાઈ 17 ના રોજ ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) ના આદેશ અનુસાર - અનધિકૃત ઇલેક્ટ્રોનિક બેંકિંગ વ્યવહારોમાં ગ્રાહકોની જવાબદારી મર્યાદિત કરવા, અનધિકૃત ક્રેડિટ કાર્ડ વ્યવહારો સંબંધિત ગ્રાહક સુરક્ષાની ખાતરી કરવા માટે એક નીતિ બનાવવામાં આવી છે. ગ્રાહક ફરિયાદ નિવારણ નીતિ હેઠળ એસબીઆઈ કાર્ડની વેબસાઇટ પર તે અપડેટ કરવામાં આવી છે. નીતિ ગ્રાહકો સાથેના વ્યવહારમાં પારદર્શિતા અને ઉચિતતાના સિદ્ધાંતો પર આધારિત છે.

e) એસબીઆઇસીપીએસએલ, કાર્ડહોલ્ડરનો ઉલ્લેખ કર્યા વિના -, પોલીસ અથવા અન્ય સંબંધિત અધિકારીઓને કોઈ માહિતી આપી શકે છે કે જે એસબીઆઇસીપીએસએલ કાર્ડ અથવા પિન ખોવાઈ જવા, ચોરી અથવા દુરૂપયોગ અંગે સંબંધિત માનતી હોય.

f) તમારા કોર્પોરેટ કાર્ડ અકાઉન્ટની સંપર્ક વિગતોમાં ફેરફાર અંગે તમારા નવા અને સિસ્ટમમાં અગાઉની સંપર્ક વિગતોની જાણ કરવામાં આવશે. તમારી વર્તમાન સંપર્ક વિગતોને અમારા રેકોર્ડ્સમાં અપડેટ કરેલા રાખવાની સલાહ આપવામાં આવે છે.

**7. ખુલાસો**

કાર્ડહોલ્ડર સ્વીકાર કરે છે કે એસબીઆઇસીપીએસએલ કોઇપણ વર્તમાન અથવા ભાવિ ક્રેડિટ બ્યુરો સાથે માત્ર કાર્ડહોલ્ડરને અહેવાલિત કરવાના ઈરાદા વિશેની પર્યાપ્ત સૂચના જારી કર્યા પછી જ કાર્ડહોલ્ડરની માહિતીની વહેંચણી કરવા અધિકૃત છે, અને આવી માહિતી કાર્ડહોલ્ડર દ્વારા સકારાત્મક અથવા નકારાત્મક કાર્યદેખાવ/ કસૂર વિશેની હોય તેમ બની શકે છે. આવા અપડેટને ક્રેડિટ બ્યુરોના અહેવાલમાં અસર આપવામાં 45-60 દિવસનો સમય લાગી શકે છે. ક્રેડિટ ઇન્ફોર્મેશન બ્યુરો ઇન્ડિયા લિમિટેડ (સીઆઈબીઆઈએલ) એ ભારત સરકાર અને ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) ની ભારતીય નાણાકીય સિસ્ટમની કાર્યક્ષમતા અને સ્થિરતામાં સુધારો લાવવા માટેની પહેલ છે. આ બેન્કો અને નાણાકીય સંસ્થાઓ વચ્ચે માહિતીના આદાનપ્રદાન માટે અસરકારક પદ્ધતિ પ્રદાન કરવા માટે આરબીઆઈના પ્રયત્નો સાથે સુસંગત છે, જેનાથી કાર્ડહોલ્ડર્સને વિવિધ સંસ્થાઓ પાસેથી વધુ સારી ક્રેડિટ શરતોનો લાભ મળી શકે છે. કાર્ડહોલ્ડર વધુમાં સ્વીકારે છે કે એસબીઆઇસીપીએસએલ કાર્ડહોલ્ડર સહિત નાણાકીય સંસ્થા, રોજગારદાતા સાથે ચુકવણીમાં અને એસબીઆઇસીપીએસએલ સાથે કાર્ડ અકાઉન્ટની કામગીરી, ચકાસણી અને અન્ય વહીવટી સેવાઓમાં સામેલ અન્ય ત્રાહિત

પક્ષકારો સાથે કસૂરની માહિતીની વહેંચણી કરવા માટે અધિકૃત છે. એસબીઆઈસીપીએસએલ અથવા તેની જૂથ કંપનીઓ, પેટાકંપનીઓ, આનુષંગિકો અને/ અથવા સહયોગીઓના વિવિધ ઉત્પાદનો અને સેવાઓના રજૂ કરવાના, માર્કેટિંગના હેતુ માટે, કોઈપણ પિતૃ, પેટાકંપની, એસબીઆઈસીપીએસએલના આનુષંગિકો અથવા સહયોગીઓ સાથે એસબીઆઇસીપીએસએલ કાર્ડહોલ્ડરની માહિતી શેર કરી શકે છે.

એસબીઆઇ કાર્ડના સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો www.sbicard.com પર પણ ઉપલબ્ધ છે

**મહત્વપૂર્ણ નિયમનકારી માહિતી**

- આ કાર્ડ ભારત અને વિદેશ બંનેના ઉપયોગ માટે માન્ય છે. જોકે, નેપાળ અને ભૂટાનમાં વિદેશી ચલણ વ્યવહાર કરવા માટે તે માન્ય નથી.
- ભારતની બહાર વ્યવહાર માટે કાર્ડનો ઉપયોગ આરબીઆઈના એક્સચેન્જ મેનેજમેન્ટ રેગ્યુલેશન્સ અને ફોરેન એક્સચેંજ મેનેજમેન્ટ એક્ટ, 1999 સહિતના લાગુ કાયદા અનુસાર થવો જોઈએ. ઇન્ટરનેટ ટ્રેડિંગ પોર્ટલો દ્વારા વિદેશી વિનિમય ટ્રેડિંગની મંજૂરી નથી. કોઈપણ ઉલ્લંઘન અથવા તેનું પાલન કરવામાં નિષ્ફળતાની સ્થિતિમાં, તમે દંડનીય કાર્યવાહી માટે જવાબદાર બની શકો છો. તમારે તમારા વિદેશી વિનિમય હક્કો વિશે તમારા અધિકૃત વિક્રેતા (એડી) ની સલાહ લેવી જોઈએ.
- જો તમે કોર્પોરેટ કાર્ડ અકાઉન્ટ પર કોઇપણ ક્રેડિટ બેલેન્સ ધરાવતા હો, તો એસબીઆઇ કાર્ડ આ ક્રેડિટ બેલેન્સ તમને પરત કરવાનો અધિકાર ધરાવે છે.
- સંયુક્ત સાહસ માં નિવાસીઓ/ વિદેશમાં સંપૂર્ણ માલિકીની પેટાકંપની દ્વારા સીધા રોકાણો- આરબીઆઈના માસ્ટર ડિરેક્શન હેઠળ ભંડોળ આપવાની પદ્ધતિ સ્વીકાર્ય ન હોવાથી કૃપા કરીને કેપિટલ અકાઉન્ટ ટ્રાન્ઝેક્શન જેમ કે વિદેશી સંસ્થાઓમાં રોકાણ અથવા વિદેશી કંપનીઓ સ્થાપિત કરવા માટે નાણાં મોકલવા / ચુકવણી કરવા માટે કોર્પોરેટ કાર્ડ્સનો ઉપયોગ કરવો નહીં.
- આરબીઆઈના માસ્ટર પરિપત્ર - માસ્ટર પરિપત્ર મુજબ- રહેવાસીઓ માટે ભારત તરફથી મળેલી પરચુરણ મોકલેલી રકમો પર, લોટરી ટિકિટ, પ્રતિબંધિત અથવા નિષિદ્ધ સામયિકો, સ્વીપસ્ટેક્સમાં ભાગ લેવા, કોલ-બેક સેવાઓ માટે ચુકવણી, વગેરે જેવી પ્રતિબંધિત વસ્તુઓની ખરીદી માટે કોર્પોરેટ કાર્ડનો ઉપયોગ પ્રતિબંધિત છે. કારણ કે આવી વસ્તુઓ / પ્રવૃત્તિઓ માટે વિદેશી વિનિમયના કોઈ ઉપાડની મંજૂરી નથી. વધુ વિગતો માટે મહેરબાની કરીને રહીશો માટે ભારતીય સુવિધાઓ તરફથી મંગાવેલી પરચૂરણ રકમો અંગે માસ્ટર પરિપત્રનો સંદર્ભ લો.

## 8. ચાર્જિસની સૂચિ

| ફી | પ્લેટિનમ સિગ્નેચર વર્ચ્યુઅલ કાર્ડ | | |
|---|---|---|---|
| જોડાવાની ફી (એક વખત) | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| વાર્ષિક ફી (વર્ષ દીઠ) | શૂન્ય | રૂ. 499/- | શૂન્ય |
| **વિસ્તારિત ક્રેડિટ** | | | |
| વ્યાજ મુક્ત ક્રેડિટની અવધિ | 20-50 દિવસ (માત્ર છુટક ખરીદી પર લાગુ થવાપાત્ર અને જો અગાઉના મહિનાઓના બાકી બેલેન્સની સંપૂર્ણ ચુકવણી કરવામાં આવી હોય) 15-32 દિવસ (માત્ર એસબીઆઇ કોર્પોરેટ યુટિલિટી કાર્ડના કિસ્સામાં લાગુ થવાપાત્ર) | | |
| ફાઇનાન્સ ચાર્જ# | ટ્રાન્ઝેક્શન તારીખથી 3.35% માસિક (40.2% વાર્ષિક) સુધી (તે એક ચાર્જ કાર્ડ છે અને રિવૉલ્વિંગ સુવિધા ઑફર કરતું નથી) | | |
| કુલ ચુકવણીપાત્ર રકમ | કુલ બાકી રહેતી રકમ | | |
| **કેશ એડવાન્સ (જો લાગુ પડતી હોય તો)** | | | |
| રોકડ પેશગી મર્યાદા (જો લાગુ પડતી હોય તો) | વેરિયેબલ | | |
| ફ્રી ક્રેડિટ સમયગાળો | શૂન્ય | | |
| ફાઇનાન્સ ચાર્જ# | વિડ્રોઅલની તારીખથી 3.35% માસિક (40.2% વાર્ષિક) સુધી | | |
| **કેશ એડવાન્સ ફી (જો લાગુ પડતી હોય તો)** | | | |
| એસબીઆઇ એટીએમ/ અન્ય ઘરેલુ એટીએમ | વિડ્રોઅલ રકમના 2.5% સુધી અથવા રૂ. 450 (WIH) ટ્રાન્ઝેક્શન દીઠ | | |
| આંતરરાષ્ટ્રીય એટીએમ | વિડ્રોઅલ રકમના 3% સુધી અથવા રૂ. 450 (WIH) ટ્રાન્ઝેક્શન દીઠ | | |
| **અન્ય ચાર્જીસ અને ફી (જો લાગુ પડતી હોય તો)** | | | |
| રોકડ ચુકવણી ફી | રૂ. 100/- | | |
| ચેક પિકઅપ | રૂ. 90/- | | |
| સ્ટેટમેન્ટ રીટ્રાઈવલ ફી: | શૂન્ય | | |
| ચેક ફી | રૂ. 100 (ચેકથી રૂ. 2000 સુધીની ચુકવણીઓ) | | |

| | |
|---|---|
| ચુકવણી અસ્વીકાર ફી | ચુકવણીની રકમના 2% (લઘુત્તમ રૂ. 350 ને આધીન) |
| **વિલંબિત ચુકવણી** | **શૂન્ય રૂ. 0-રૂ. 200 સુધી કુલ બાકી રકમ માટે;**<br>**રૂ. 200થી વધુ અને રૂ. 500 રૂપિયા સુધી રકમની કુલ બાકી માટે રૂ. 100;**<br>**રૂ. 500થી વધુ અને રૂ.1000 રૂપિયા સુધી રકમની કુલ બાકી માટે રૂ. 400;**<br>**રૂ. 10000થી વધુ અને રૂ.1000 રૂપિયા સુધી રકમની કુલ બાકી માટે રૂ. 500;**<br>**રૂ. 10,000થી વધુ કુલ રકમની બાકી માટે રૂ. 750** |
| ઓવરલિમિટ | કોર્પોરેટ કાર્ડને લાગુ પડતું નથી |
| ઈમર્જન્સી કાર્ડ રિપ્લેસમેન્ટ | કૉમ્પ્લિમેન્ટરી |
| વિદેશી ચલણના નાણાંકીય વ્યવહારની | રૂપાંતરણ માર્ક અપ: 3.5% સુધી |
| વાર્ષિક અગ્રિમતા પાસ ફી | પ્લેટિનમ માટે રૂ. 180 સુધી અને સિગ્નેચર માટે કૉમ્પ્લિમેન્ટરી |
| અગ્રિમતા પાસ લૉન્જ ચાર્જીસ | અગ્રિમતા પાસ કાર્યક્રમ મારફત ભારતની અંદરની અને બહારની બધી જ ઍરપોર્ટ લૉન્જ મુલાકાતોને મુલાકાત દીઠ $27ની વપરાશ ફી + લાગુ પડતાં કરવેરા સાથે ચાર્જ કરવામાં આવશે. વધુ વિગતો માટે, કૃપા કરી sbicard.com ની મુલાકાત લો<br>અગ્રિમતા પાસ ધરાવતા એસબીઆઇ કાર્ડહોલ્ડરની સાથે રહેલા બધા જ મહેમાનો, જેઓ ઍરપોર્ટની મુલાકાત લેવાના છે તેમને મુલાકાત દીઠ $27ની વપરાશ ફી + લાગુ પડતાં કરવેરા સાથે ચાર્જ કરવામાં આવશે. |
| વાર્ષિક રિવાર્ડ ફી | રૂ. 300 સુધી |
| રિવાર્ડ રિડમ્પશન ફી | રૂ. 99/- |

| સરચાર્જ | |
|---|---|
| રેલવે ટિકિટ - રેલવે કાઉન્ટર | રૂ. 30 + ટ્રાન્ઝેક્શન રકમના 2.5% |
| રેલવે ટિકિટ - રેલવે કાઉન્ટર www.irctc.co.in | ટ્રાન્ઝેક્શન રકમના 1.8% + સર્વિસ ચાર્જ, લાગુ પડે છે તે રીતે ટ્રાન્ઝેક્શન મૂલ્યના 1%. |
| પેટ્રોલ પમ્પ પર વેચાતી બધી પ્રોડક્ટ/ સેવાઓ | સિગ્નેચર અને પ્લેટિનમ કાર્ડ્સ માટે રૂ. 500 અને રૂ. 4000ની વચ્ચે ખર્ચેલા સિંગલ ટ્રાન્ઝેક્શન માટે 1% સરચાર્જ વેવર (જ્યાં લાગુ પડે છે ત્યાં લાગુ પડતા બધા જ કરવેરા + અન્ય ચાર્જીસ સિવાય)<br>સિગ્નેચર અને કોર્પોરેટ કાર્ડ અકાઉન્ટ દીઠ સ્ટેટમેન્ટ સાયકલ દીઠ રૂ. 250નું મહત્તમ સરચાર્જ વેવર |
| કસ્ટમ ડ્યુટીની ચુકવણી | ટ્રાન્ઝેક્શન રકમના 2.25% (લઘુત્તમ રૂ. 75ને આધીન) |
| ચુકવણીનો આદેશ | કુલ બાકી રકમ (જેમાં લાગુ પડતા કરવેરા સામેલ છે), જે ફી અને અન્ય ચાર્જીસ, વ્યાજના ચાર્જીસ, છુટક બાકી અને રોકડ પેશગીને અનુસરે છે. |

*ચાર્જીસની સૂચિમાં થયેલા કોઈપણ ફેરફારો અંગેની જાણ ઇમેઇલ દ્વારા કરવામાં આવશે અને અમારી વેબસાઇટ www.sbicard.com પર ઉપલબ્ધ રહેશે

# કાર્ડ ફાઇનાન્સ ચાર્જ ગતિશીલ છે અને તે કાર્ડહોલ્ડરના ઉપયોગ અને ચુકવણી પદ્ધતિઓ પર આધારિત હશે અને સમયાંતરે સમીક્ષાને આધિન છે.

ઉપરોક્ત તમામ ફી, વ્યાજ અને ચાર્જ પર લાગુ પડતા તમામ વેરા લેવામાં આવશે.

"લાગુ કર" (1 જુલાઇ, 2017 ના રોજ અથવા તે પછી જારી કરાયેલા સ્ટેટમેન્ટ્સ માટે) જેનો અર્થ છે:

- એસબીઆઈ કાર્ડના રેકોર્ડમાં સ્ટેટમેન્ટની તારીખે "હરિયાણા" તરીકે રહેઠાણનું રાજ્ય ધરાવતા કાર્ડહોલ્ડર્સ માટે - સેન્ટ્રલ ટેક્સ @ 9% અને સ્ટેટ કર @ 9%

- એસબીઆઈ કાર્ડના રેકોર્ડમાં સ્ટેટમેન્ટની તારીખે "હરિયાણા" સિવાયના અન્ય તરીકે રહેઠાણનું રાજ્ય ધરાવતા કાર્ડહોલ્ડર્સ માટે - એકીકૃત કર 18%

કાર્ડના સતત વપરાશને આ સુધારાઓની તમારી સ્વીકૃતિ તરીકે માનવામાં આવશે.

**એસબીઆઇ કાર્ડ હેલ્પલાઇન**

39 02 02 02 (ઉપસર્ગ સ્થાનિક એસટીડી કોડ), 1860 180 1290

આ દસ્તાવેજમાં ઉલ્લેખિત તમામ નિયમો અને શરતો (ચાર્જિસની સૂચિ સહિત) એ તમામ કોર્પોરેટ્સ માટે લાગુ શરતો અને ચાર્જીસ છે. આમાંના કોઈપણ ફેરફારોને એસબીઆઇસીપીએસએલ અને સંબંધિત કોર્પોરેટ વચ્ચે એક અલગ પૂરવણી દ્વારા પરસ્પર સંમતિ આપવામાં આવશે અથવા તે કોર્પોરેટ સાથે કરાયેલા કોર્પોરેટ કાર્ડ કરારનો એક ભાગ હશે.

આ સંદેશાવ્યવહારની બધી માહિતી ઓક્ટોબર 2 0 1 9 મુજબ યોગ્ય છે અને એસબીઆઈસીપીએસએલની મુનસફીને આધિન છે. એસબીઆઇ કાર્ડના સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો www.sbicard.com પર પણ ઉપલબ્ધ છે

એસબીઆઈ કાર્ડ્સ એન્ડ પેમેન્ટ સર્વિસીસ લિ.
પી.ઓ. બેગ નંબર 28, નવી દિલ્હી - 110 001
કૃપા કરી અમારી વેબસાઇટ : www.sbicard.comની મુલાકાત લો

Individual Liability SI21102019